SOGએ લૂંટેરી દુલ્હન ગેંગના બે સાગરિત કામરેજમાંથી ઝડપાયા

લગ્નના નામે રૂ. ૧,૫૧,૦૦૦ પડાવી દુલ્હન ફરાર થઇ ગઇ હતી

પલસાણા : સુરત જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે કામરેજ ખાતેની ટીમે કામરેજ ખાતેથી લગ્ન કરાવી પૈસા પડાવી લેતી ટોળકીના બે મહત્વના આરોપીઓને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.

નવાગામ ખાતે રહેતો રિક્ષાવાળો મુકેશભાઇ રામજીભાઇ ચાવડા (મૂળ રહે. ગાયત્રી નગર-૨, બોટાદ, હાલ રહે. મહાવીર રેસિડેન્સી, કેનાલ રોડ, કામરેજ) ફરિયાદીના કામરેજના વાવના ઘરે અવારનવાર આવતો-જતો હતો. તેણે ફરિયાદીના લગ્ન કરાવી આપવા માટે પરિવારને વાત કરી લગ્નની તમામ જવાબદારી પોતે લીધી હતી. ત્યારબાદ તેના સાગરીતો દિલ સુખભાઇ ઉર્ફે ધનસુખ પાંચાભાઇ પિપળીયા (ઉ.વ. ૬૦, રહે. શરણમ સોસાયટી, નનસાડ ગામ, કામરેજ, મૂળ રહે. જાંબુડા, વિસાવદર, જી. જૂનાગઢ) તેમજ નયનભાઇ કથિરીયા, રશ્મીબેન વસાવા, ચકુબેન અને અતુલભાઇ સાથે મળીને એકબીજાના મેળાપીપળામાં તેમને વિશ્વાસમાં લીધા હતા. આ ટોળકીએ લગ્ન કરાવવાના હેતુસર ફરિયાદી પાસેથી રૂ. ૧,૫૧,૦૦૦/- પડાવી લીધા હતા.

આશરે દસ મહિના પહેલા ફરિયાદીના લગ્ન રશ્મીબેન સાથે કરાવવામાં આવ્યા હતા. જો કે, લગ્નના જ દિવસે સાંજે આ ટોળકી ફરિયાદીના ઘરે પહોંચી હતી અને દુલ્હનના કાકાના દીકરાનું અવસાન થયું છે અને બે-ત્રણ દિવસમાં પરત મોકલી આપીશું તેવું ખોટું બહાનું બતાવી દુલ્હનને તેમની સાથે લઇ ગઇ હતી. ઘણા દિવસો સુધી દુલ્હન પરત ન આવતા ફરિયાદીએ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે તે ત્યાં રહેતી જ નથી. પોતાની સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત થયો હોવાની અહેસાસ થતાં યુવાને આ ટોળકી વિરુદ્ધ કામરેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સુરત ગ્રામ્ય એસ.ઓ.જી.ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે આ ગુનાના આરોપીઓ કામરેજ વિસ્તારમાં છે. જેના આધારે પોલીસે કામરેજના મામાદેવ ચોક, ખોડલ પાન સેન્ટરની સામે વોચ ગોઠવી આરોપી દિલસુખભાઇ ઉર્ફે ધનસુખ પાંચાભાઇ પિપળીયા (ઉં.વ. ૬૦) અને મુકેશભાઇ રામજીભાઇ ચાવડા (ઉં.વ. ૨૬) ને ઝડપી લીધા હતા.

પોલીસને જોઇ ચાર જુગારી બાઇક મૂકીને ભાગી ગયા

ઓલપાડના છીણીના ક્રિકેટ ગ્રાઉન્ડ પર રાત્રે જુગાર રમતાં ત્રણ ઝડપાયા રૂ.૨,૨૮,૭૦૦નો મુદ્દામાલ કબજે લેવાયો

સાયણ : શનિવારે રાત્રે તા.૧૩ જૂનના રોજ ઓલપાડ પોલીસ કાંઠા વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ કરી રહી હતી.છે. તે સમયે સર્વેલન્સ સ્ટાફને સંયુક્ત બાતમી મળી હતી કે, છીણી ગામની સીમમાં ધનશેર ફળિયા પાછળના ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર કેટલાક યુવાનો ગંજીપાના વડે રૂપિયાની હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના પગલે પોલીસ ટીમે રેઇડ કરતા ઘટના સ્થળે થી જુગાર રમતા ૦૩ દિવ્યેશ દિલિપ પટેલ(ઉ.વ.૨૮ રહે, છીણી ગામ, ધનશેર ફળિયું) , રાકેશ પરેશ પટેલ (ઉ.વ.૩૬ રહે, લવાછા, ખેતરાડી ફળિયું) તથા ભાવેશ પ્રવિણ પટેલ (ઉ.વ.૩૫, રહે:ટુંડા ગામ, મોર ફળિયું) ઝડપાઈ ગયા હતાં. જો કે પોલીસની રેઇડ સમયે મો.સા. નં:જીજે-૦૫,એમ.એફ-૦૨૦૯ નો ચાલક, એકટીવા મોપેડ નં: જીજે-૦૫,એસ.કે, ૨૩૩૩ નો ચાલક, વાહન પાર્સિંગ નંબર વિનાની મોટરસાઈખલનો અજાણ્યો ચાલક તથા મોટરસાઈકલ જીજે-૦૫,એલ. એ-૫૫૭૧ નો ચાલક પોલીસને ચકમો આપી પોતાના વાહનો ગુના સ્થળે છોડી ભાગી છૂટવામાં સફળ થતાં પોલીસે ચારે જુગારીઓને વોન્ટેડ જાહેર કર્યા હતાં. પોલીસે જુગાર સ્થળેથી ઝડપાયેલ આરોપીઓની અંગઝડતીથી મળેલ રોકડા રૂ.૧,૮૦૦,દાવના રોકડા રૂ.૧૧,૭૦૦, મોબાઈલ નંગ-૦૩, જેની કિંમત રૂ. ૧૫,૦૦૦, કુલ ૦૭ નંગ મો.સા.,જેની કિંમત રૂ.૨.૧૫ લાખ મળી કુલ રૂ. ૨,૨૮,૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

માંગરોળમાં ડૂબી ગયેલા યુવકની લાશ કામરેજના અંત્રોલીમાં મળી

કામરેજ : માંગરોળના લીમોદરા ગામ નજીક કાકરાપાર જમણા કાંઠા નહેરમાં નહાવા પડેલા ચાર મિત્રો પૈકી એક મિત્ર ડુબી જતાં મૃતદેહ અંત્રોલી નજીકથી નહેરના પાણીમાંથી મળી આવ્યો હતો.મૂળ ઉત્તરપ્રદેશના ધૌરા ગામના વતની અને હાલ માંગરોળ તાલુકાના પાલોદ ખાતે સાંનિધ્ય સોસાયટીમાં રહીને હેલ્પરનુ કામ કરતો લલીત દિનદયાલ પાલ (ઉ.વ.21) શનિવારે ત્રણ મિત્રો સાથે લીમોદરા ખાતે આવેલી કાકરાપાર જમણા કાઠા નહેરમાં સવારે 11.00 કલાકે નહાવા પડ્યો હતો. ત્યારબાદ તે નાની નહેરમાંથી મુખ્ય નહેરમાં બે વાર કૂદકો લગાવી પુલ નીચેથી બહાર નીકળી ગયો હતો. તેના મિત્રો વિકી, હિમાંશુ અને સમસેર નાની નહેરમાં નહાઇ રહ્યાં હતાં. બાદમાં લલીત ફરીવાર મુખ્ય નહેરમાં નહાવા પડતાં નહેરના ઉંડા પાણીમાં ડૂબી ગયો હતો.

માંડવીના વાઘનેરામાં પશુઓના ઘાસચારામાં આગ ફાટી નીકળી

માંડવી ફાયર બ્રિગેડની ટીમે સમયસર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો

હિતેશ પટેલ

માંડવી : માંડવીના વાઘનેરામાં પશુઓના ઘાસચારામાં આગ ફાટી નીકળી હતી.

જોકે ફાયર કંટ્રોલ રૂમમાં કોલ મળતાની સાથે જ માંડવી ફાયર બ્રિગેડનો કાફલો ગણતરીની મિનિટોમાં જ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ફાયર ફાઈટરોએ તાત્કાલિક પાણીનો મારો ચલાવીને ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવી લીધો હતો. ફાયર વિભાગની સમયસૂચકતા અને સત્વરે લેવાયેલા પગલાંના કારણે આગ રહેણાંક મકાનો કે અન્ય વિસ્તારોમાં ફેલાતી અટકી હતી અને મોટી નુકસાની ટળી હતી. આગ ઓલવવાની આ સમગ્ર કામગીરીમાં માંડવી ફાયર બ્રિગેડના જવાનો રાજેશભાઈ જોધપુરી, મહિપાલ મહીડા, જયેશ નાયકા, તેજસ ચૌધરી અને કલ્પેશ ગામીતે ઉત્કૃષ્ટ કામગીરી બજાવી હતી. જોકે, આ આગ કયા કારણોસર લાગી હતી તે હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ સમયસર આગ ઓલવાઈ જતાં સ્થાનિકોએ અને પશુપાલકે રાહતનો શ્વાસ લીધો હતો.

પરબમાં કારખાનામાં કામ કરતાં કરતાં જ ઓપરેટર ઢળી પડ્યો

કામરેજ : મૂળ ઉત્તરપ્રદેશના વિક્રમપટ્ટી ગામના વતની અને હાલ પલસાણા તાલુકાના કારેલી ગામે બાલાજીવિલામાં મકાન નંબર 115 માં રહીને કામરેજ તાલુકાના પરબ ગામની હદમાં શિવ ઈકો ઈન્ડસ્ટ્રીઝ વિભાગ-5માં વિયાન ફેશનમાં ઓપરેટરની નોકરી કરતાં મહેન્દ્રપ્રતાપ ઉદયભાન સિંગ (ઉ.વ.36)જેઓ શનિવારના રોજ રાત્રિના નોકરી હોવાથી ઘરેથી 7.00 કલાકે નોકરી પર ગયા હતા. રવિવારના રોજ સવારે 6.00 કલાકે કામ કરતાં કરતાં અચાનક ઢળી પડયા હતા.જે સાથે કામ કરતાં સુકેશકુમાર પાણી પીવા જતાં જોતા તુંરજ જ મહેન્દ્રપ્રતાપ પાસે દોડી જઇને 108ને જાણ કરતાં તપાસ કરતાં મૃત જાહેર કરતાં સુકેશકુમારે મરનાર મહેન્દ્રપ્રતાપની પત્નિને જાણ કરીને કામરેજ પોલીસને પણ જાણ કરવામાં આવતાં પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વલથાણના યુવાને ઘાસ મારવાની દવા પી જીવન ટૂંકાવ્યું

કામરેજ : કામરેજ તાલુકાના વલથાણ ગામે જૂના હળપતિવાસમાં રહેતા 29 વર્ષીય જયેશ ગુણવંતભાઈ રાઠોડના માતા-પિતા અને પત્ની શુક્રવારે મજૂરી કરવા ગયા હતાં. ત્યારે પાડોશીઓએ જયેશની પત્નિ રૂપલબેનને ફોન કરીને જણાવ્યુ કે તેમના પતિએ ઝેરી દવા પી લીધી છે અને ઉલટી કરે છે. જેથી તેઓ દોડી ગયા હતાં અને 108માં પતિને સારવાર માટે સુરત સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતાં. જયેશ રાઠોડની પુછપરછ કરતાં બપોરના 12.30 કલાકે વલથાણ ગામે સર્જન સોસાયટીની પાછળ ઘાસ મારવાની ઝેરી દવા પી લીધી હતી. તેનું સારવાર દરમિયાન શનિવારના રોજ સાંજે 5.30 કલાકે હોસ્પિટલમાં મોત નીપજતાં કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બલેશ્વર પાટિયા પરથી મોટરસાઇકલની ચોરી

પલસાણા: પલસાણા તાલુકાના બલેશ્વરગામની સીમમાંથી બાઇક ચોરાઇ ગઇ હતી. મૂળ મહારાષ્ટ્રના પૂણેના અને હાલ જિલ્લાના દૌડ ગામના વતની અને હાલ નવસારીમાં રહેતા પિયુષભાઇ ચંદ્રકાંત ભાવસાર વિસોલ પાવર પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં નોકરી કરે છે. ગઇ તારીખ ૪ જૂન ૨૦૨૬ના રોજ તેઓ નોકરી પર આવ્યા ત્યારે તેમની બાઇક નંબર: MH-42-AG-0872 કંપનીની બહાર નેશનલ હાઇવે નંબર ૪૮ પર પાર્ક કરી હતી. તેઓ નોકરી કરીને સાંજે ૫ વાગ્યે બહાર આવ્યા ત્યારે તેમની રૂપિયા ૪૦,૦૦૦ની કિંમતની મોટરસાઇકલનું લોક તોડી અથવા અન્ય રીતે ચોરી કરીને નાસી ગયો હતો. આ બાબતે પિયુષભાઇએ તારીખ ૧૩ જૂન ૨૦૨૬ના રોજ પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં વાહનચોર સક્રિય થયા હોય એમ ચોરીની ઘટના વધી ગઇ છે.

અકસ્માતના બે અલગ અલગ બનાવમાં પુત્રોએ માતા ગુમાવી

પલસાણના પરિવારની બાઇક સ્લીપ થતાં વૃદ્ધાનું મોત

પલસાણાઃ પલસાણાના ગંગાધરા ખાતે રહેતા શ્રીધર ગવીડી બારડોલીમાં પરિવાર સાથે ફિલ્મ જોયા બાદ તેમની બાઇક પર પત્ની કુન્ની અને માતા જીલક્ષ્મીબેનને બેસાડીને ઘરે પરત આવવા નીકળ્યા હતા. ત્યારે રાત્રે 12:45 વાગ્યે બારાસડી ગામની સીમમાં જૂના કીયા શો-રૂમ પાસે તેમની બાઇક સ્લીપ થઇ જતાં ત્રણેય રસ્તા પર પટકાયા હતાં.

આ ત્રણેયને સારવાર માટે ૧૦૮માં બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં ફરજ પરના તબીબે માતા જીલક્ષ્મીબેનને ટૂંકી સારવાર બાદ મૃત જાહેર કર્યા હતા.

ઘલા પાટિયા પાસે મોપેડ સવાર માતા પુત્રને વાહને ટક્કર મારતાં માતાનું મોત

વિશાલ પટેલ

કામરેજ : ઘલાપાટિયા પાસે અજાણ્યા વાહન મોપેડને ટક્કર મારતા પુત્રની સામે જ માતાનુ મોત નીપજયુ હતુ. માંગરોળ તાલુકાના જૂના કોસંબા ખાતે રેલવે ફાટક પાસે હની રો હાઉસમા મકાન નંબર 11 માં રહેતા ઈશરતબેગમ યુસુફભાઈ સૈયદ (ઉ.વ.47) જેઓ શનિવારના રોજ પુત્ર મોહંમદ ઉબેદ બસીર બેલીમ (ઉ.વ.22) સાથે એકટિવા મોપેડ પર કોસંબાથી કામરેજ ખાતે દવા લેવા માટે આવ્યા હતા. માતા પુત્ર પરત કોસંબા આવતા હતાં ત્યારે મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નંબર 48 પર ધોરણપારડી ગામની હદમાં ઘલાપાટિયા પાસે રાત્રિના આશરે 10.00 કલાકે એકટીવા મોપેડ નંબર જીજે 19 બીએલ 7756ને અજાણ્યા વાહનના ચાલકે પાછળથી ટક્કર મારતા મોપેડ પર પાછળ બેસેલા ઈશરતબેગમને માંથા તેમજ શરીરે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નીપજયું હતુ.

ઉધાર નહીં આપનાર વેપારીની પત્નીનું ગળું પકડી લીધું

તરસાડીમાં બાઇક દુકાનના ટેબલ સાથે અથડાવી નુકસાન પહોંચાડ્યું

હથોડાઃ તરસાડી ગામના ઉટિયાદરા રોડ પર ઉધાર મુદ્દે દુકાનદાર પર હુમલો થયો હતો.

તરસાડીના ઉટિયાદરા રોડ પર આવેલા સાઈ આશીષ એપાર્ટમેન્ટમાં મેવારામ જેરામભાઈ ગુર્જર કરિયાણાની દુકાન ચલાવે છે. તેમણે ગામના જ અલ્પેશ ઉર્ફે અપ્પુ કનુભાઈ ગોહિલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી મુજબ ગત ૧૩ જૂનના રોજ સાંજે સાતેક વાગ્યે આરોપી તેમની દુકાને વિમલ ગુટખા અને પાણીની બોટલ ઉધાર માંગવા આવ્યો હતો. વેપારીએ ઉધાર આપવાની ના પાડતાં આરોપી 'તમને જોઈ લઈશ' કહી ધમકી આપી ચાલ્યો ગયો હતો. ત્યારબાદ રાત્રે દસ વાગ્યે આરોપી બાઈક લઈને ફરી દુકાને આવ્યો હતો અને રસ્તા પર ઊભા રહી વેપારી, તેમની પત્ની લેરીબેન અને પુત્ર દિનેશને ગાળો ભાંડવા લાગ્યો હતો. વેપારી તેને સમજાવવા બહાર આવતાં આરોપીએ ઉશ્કેરાઈને પોતાની બાઈક દુકાનના ટેબલ સાથે અથડાવી દીધી હતી, જેના કારણે ઈલેક્ટ્રિક કાંટો અને અન્ય સામાન નીચે પડી જતાં મોટુ નુકસાન થયું હતું. આટલેથી ન અટકતા, આરોપીએ વેપારીની પત્નીને ગળેથી તથા હાથેથી પકડીને જોરદાર ધક્કો મારી નીચે પાડી દીધા હતા, જેથી તેમને ખભા અને હાથના ભાગે મૂઢમાર વાગ્યો હતો. વેપારીએ તાત્કાલિક પોલીસને ફોન કરતા, પોલીસની ગાડી આવતી જોઈ આરોપી અલ્પેશ પોતાનું ટીશર્ટ ફાડી નાંખીને ભાગી છૂટ્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

અરેઠના રોસવાડ પ્રા.શાળાના આચાર્યનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

હિતેશ પટેલ

માંડવી : માંડવી તાલુકાના તડકેશ્વર કેન્દ્ર હેઠળ આવતી રોસવાડ પ્રાથમિક શાળાના આચાર્ય વિનોદભાઈ રેવજીભાઈ ચૌધરી વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા તેમનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શિક્ષક સંઘના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં અરેઠ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મરૂવ્રતભાઈ ચૌધરી અને મહામંત્રી કિર્તિપાલસિંહ ચૌહાણ, માંડવી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હેમંતભાઈ ચૌધરી અને મહામંત્રી પ્રકાશભાઈ ચૌધરી, તેમજ ટીચર્સ સોસાયટીના મહામંત્રી નવીનભાઈ ચૌધરીએ વિશેષ હાજરી આપી હતી.

બારડોલીની જ્યોતિ ઉત્કર્ષ સંસ્થાન દ્વારા વિનામૂલ્યે નોટબુક વિતરણ

બારડોલીઃ બારડોલી તાલુકાના ભુવાસણ-ઝાંખરડા ખાતે કાર્યરત જ્યોતિ ઉત્કર્ષ સંસ્થાન દ્વારા રવિવારના રોજ વિસ્તારના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે નોટબુક વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સેવા કાર્યક્રમમાં જ્યોતિ ઉત્કર્ષ સંસ્થાનના પ્રમુખ અલ્પેશભાઈ માહ્યાવંશી, ઉપપ્રમુખ નરેશભાઈ માહ્યાવંશી, હિતેશ માહ્યાવંશી, મંત્રી ભરતભાઇ માહ્યાવંશી, સહમંત્રી હેમાન્સુ માહ્યાવંશી, પ્રમોદભાઈ માહ્યાવંશી તેમજ ખજાનચી નિમેષ માહ્યાવંશી સહિતના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દાતા મોહનભાઇ માહ્યાવંશી અને સંસ્થાના હોદ્દેદારોના હસ્તે ૨૪૨ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

લોકનૃત્યમાં બારડોલીની ત્વિષા વ્યાસને રાષ્ટ્રીય પુરસ્કાર

બારડોલી : સુરત જિલ્લાના બારડોલીના વતની ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસની ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન યુવા રાષ્ટ્રીય પુરસ્કાર - 2025 માટે પસંદગી કરવામાં આવી છે. ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળની સંગીત નાટક અકાદમી દ્વારા આ પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. ત્વિષા વ્યાસને આ સન્માન લોકનૃત્ય ક્ષેત્રે તેમની અનોખી પ્રતિભા, અથાગ મહેનત અને ભારતીય લોકસંસ્કૃતિના જતન તેમજ પ્રચાર-પ્રસાર માટેના અનન્ય યોગદાન બદલ મળ્યું છે. કલા જગતના અગ્રણીઓએ તેમને આ સફળતા બદલ શુભેચ્છાઓ પાઠવી છે.

ગાંજાના કેસમાં એક વર્ષથી ફરાર આરોપી કડોદરાથી ઝડપાયો

પલસાણાઃ સુરત ગ્રામ્ય SOGને હકીકત મળી હતી કે આ ગુનાનો આરોપી કડોદરા વિસ્તારમાં છે. જેના પોલીસે પલસાણા તાલુકાના કડોદરા ખાતે આવેલ અકળામુખી હનુમાનજી મંદિરની સામેના ગ્રાઉન્ડમાં પીપળાના ઝાડ નીચેથી આરોપી ચીનુ શંકર ગૌડા (ઉંમર વર્ષ ૩૮, હાલ રહે. ભેસ્તાન, સુરત શહેર; મૂળ રહે. ઓરિસ્સા) ને ઝડપી પાડ્યો હતો. આરોપીનો કબજો મેળવી આગળની કાયદેસરની કાર્યવાહી માટે તેને કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો છે. આજથી આશરે એક વર્ષ પહેલાં અન્ય આરોપીઓએ ઓરિસ્સાથી ગાંજાનો જથ્થો મંગાવ્યો હતો. આ જથ્થો લેવા માટે આરોપી ચીનુ ગૌડા પલસાણાના જોળવા નજીક ગયો હતો. તે સમયે પોલીસે દરોડો પાડતા ચીનુ ગૌડા ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો.

કામરેજમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાઈટ પરથી કોપર વાયર ચોરાયા

સગીર સહિત ચાર ઝડપાયા ૪.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત

પલસાણા : સુરત એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડે કોસમાડા ગામે ચાલતા એલ.એન.ટી બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સાઈટ પરથી કોપર વાયરની ચોરી કરનારાને પોલીસે કુલ રૂપિયા ૪,૩૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે.

પોલીસને બાતમી હતી મળી હતી કે, તારીખ ૦૨/૦૬/૨૦૨૬ના રોજ કોસમાડા ગામના બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાંથી કોપર વાયર ચોરી કરનાર બે શખ્સો થ્રી-વ્હીલર ટેમ્પો લઈને કામરેજ ચાર રસ્તાથી કડોદરા તરફ જઈ રહ્યા છે. જેના આધારે અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નંબર ૪૮ પર વાવ ગામના કટ પાસે નાકાબંધી કરી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતા અતુલ થ્રી-વ્હીલ ટેમ્પો (GJ-05-CT-7077) ને અટકાવી તપાસ કરતા, તેમાંથી બે સગીર સહિત કુલ ચાર ઈસમો મળી આવ્યા હતા.

પોલીસે ટેમ્પો ચાલક રણજીત ચંદુભાઈ સાથડીયા (ઉં.વ. ૨૫, રહે. નવાગામ, કામરેજ) અને તેની સાથે રહેલા અમર અર્જુનભાઈ વાંસફોડાએ (ઉં.વ. ૨૦, રહે. નવાગામ, કામરેજ) કબૂલાત કરી હતી કે તેમણે ચોરી કરેલો કોપર વાયર ખોલવડ પાસોદરા પાટિયા ખાતે ભંગારની દુકાન ચલાવતા મહેન્દ્ર ગુજ્જર નામના વ્યક્તિને રૂ. ૭૦,૦૦૦માં વેચી દીધો હતો. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી કરીને ચોરીનો માલ વેચીને મેળવેલા રોકડા રૂપિયા ૭૦,૦૦૦, તેમજ રૂ. ૧૦,૦૦૦ ની કિંમતના ૨ નંગ મોબાઈલ ફોન અને રૂ. ૩,૫૦,૦૦૦ની કિંમતનો અતુલ કંપનીનો થ્રી-વ્હીલ ટેમ્પો મળી કુલ રૂપિયા ૪,૩૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ ગુનામાં સંડોવાયેલા બંને મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે કાયદાના સંઘર્ષમાં આવેલા બે કિશોરોને કામરેજ પોલીસ સ્ટેશન ખાતે ચાઈલ્ડ વેલ્ફેર ઓફિસરને સોંપવામાં આવ્યા છે. આ ઉપરાંત ચોરીનો માલ રાખનાર ભંગારના વેપારી મહેન્દ્ર ગુજ્જર અને ચોરીમાં સામેલ અન્ય એક આરોપી સુરેશભાઈ દામાભાઈ ગોરાસા (રે. ધોલેરા, અમદાવાદ) ને પોલીસે વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે.

માંડવીનાં મેઇન બજારમાં ઘરના વાડામાંથી બાઇક ચોરાઇ ગઇ

માંડવી : માંડવીના મેઈન બજારમાં જૈન દેરાસર પાસે રહેતા અને મંડપ સર્વિસમાં મેનેજર તરીકે કામ કરતા હાર્દિકભાઈ જીતેન્દ્રભાઈ શાહે ગઈ તારીખ ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ રાત્રે તેમની બાઇક (નંબર GJ-19-BG-8422) મોપેડને ઘરના પાછળના વાડામાં પાર્ક કરી હતી. સવારે જ્યારે હાર્દિકભાઈ જાગ્યા અને વાડામાં તપાસ કરી તો તેમની મોપેડ ત્યાં જોવા મળી ન હતી. પરિવારે આજુબાજુના વિસ્તારમાં અને ફળિયામાં શોધખોળ કરી હતી, પરંતુ મોપેડનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ઓક્ટોબર મહિનામાં ચોરાયેલી રૂ.90 હજારની કિંમતની બાઇક ચોરીની ફરિયાદ અત્યારે નોંધાતા પોલીસને આરોપીની લીંક મળી હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

આવતી કાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ભરૂચની મુલાકાતે આવશે

GNFCના સુવર્ણજયંતિ સમારોહમાં હાજરી આપશે

ભરૂચ : આવતીકાલે 16મી જૂને GNFC ખાતે યોજાનારા સુવર્ણ જયંતિ સમારોહમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે.

લાખો ખેડૂતો અને ગ્રામીણ મહિલાઓના સ્વાભિમાનનું પ્રતિક બનેલી ગુજરાત નર્મદા વૅલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GNFC) તેની સુવર્ણજયંતિ ઊજવી રહી છે. 1976માં ગુજરાત સરકાર અને GSFCના સંયુક્ત સાહસ તરીકે સ્થપાયેલી આ સંસ્થાએ કૃષિ સમૃદ્ધિ અને ઔદ્યોગિક આત્મનિર્ભરતાનો એક સાથે પ્રવાસ ખેડ્યો છે.

ભરૂચ ખાતે આવેલો GNFCનો સિંગલ-સ્ટ્રીમ એમોનિયા-યુરિયા પ્લાન્ટ વિશ્વનો સૌથી મોટો છે. ભરૂચ અને દહેજ ખાતે કાર્યરત કંપનીના ISO પ્રમાણિત પ્લાન્ટ્સે સાઉથ એશિયામાં એકમાત્ર એનીલીન, ટૉલ્યુડિન અને ટેકનિકલ ગ્રેડ એમોનિયમ નાઈટ્રેટ ઉત્પાદક હોવાનું ગૌરવ હાંસલ કર્યું છે. કંપની અબજો રૂપિયાની વિદેશી હૂંડિયામણની બચત કરી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 100% લીમડા કોટિંગ યુરિયાના વિઝનથી પ્રેરિત નિમ પ્રોજેક્ટ આજે સામાજિક-આર્થિક ક્રાંતિ બની ગયો છે. આ પ્રોજેક્ટ દ્વારા 4.50 લાખથી વધુ ભૂમિહીન ગ્રામીણ મહિલાઓને રોજગારી મળી છે. આ પહેલની નોંધ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) દ્વારા પણ લેવામાં આવી છે. તાજેતરની ઈરાન યુદ્ધ કટોકટી અને વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ જવાની મુશ્કેલ પરિસ્થિતિમાં GNFCએ રાષ્ટ્રહિતમાં અપ્રતિમ કામગીરી બજાવી. વિદેશી આયાત બંધ થતાં જ કંપનીએ ટેકનિકલ ગ્રેડ યુરિયા (DEF માટે) અને એમોનિયમ નાઈટ્રેટનું ઉત્પાદન યુદ્ધધોરણે વધારી દીધું.

આનાથી દેશનું પરિવહન અને ખાણકામ ઉદ્યોગ, ખાસ કરીને 'કોલ ઈન્ડિયા', થંભી જતાં બચી ગયા.'વિકસિત ભારત @ 2047'ના વિઝનને સાકાર કરવા GNFC ભરૂચ અને વાગરા તાલુકાના 50 ગામોને દત્તક લઈ રહી છે. સુવર્ણજયંતિ નિમિત્તે શરૂ થનારી આ પહેલ હેઠળ આ ગામોનો સર્વાંગી વિકાસ કરાશે.ગ્રીન ટેકનોલોજી, નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જન અને સસ્ટેનેબલ ફાર્મિંગ તરફ આગળ વધી રહેલી GNFCની વિકાસયાત્રા સમૃદ્ધ ગુજરાતના નિર્માણનું સોનેરી પ્રકરણ સાબિત થશે.

ઓલપાડ પોલીસે ત્રણ મહિનાથી ફરાર ઠગાઇના આરોપીને ઝડપી પાડ્યો

સાયણઃ ઓલપાડ પોલીસે છેતરપિંડી અને હત્યાની ધમકીના ગુનામાં છેલ્લા ત્રણ મહિનાથી વોન્ટેડ આરોપીને ઝડપી લીધો હતો. ઓલપાડ પોલીસે સાઈનાઈડ કેમિકલ કંપનીના ગેટ પાસેથી ગિરીવરસિંગ ભવરસિંગ શેખાવત(ઉં.વ.૫૬) હાલ (રહે:૧૯૯, મુરલીલેક સોસાયટી, સીએનજી પંપની સામે,ઓલપાડ, મૂળ સેસવાસ ગામ, તા.ભાદરવાસ, જિ.ઝુનઝુનુ, રાજસ્થાન)ને પકડી લીધો હતો.

Milano
MULTIPLEX
બારડોલી
Haunted
10:00am, 04:00pm, 10:00pm
Bharat bhahagya Viddhaata
01:00pm, 07:00pm
The Silent Saviour Governor - 12:00pm, 06:00pm
Badhu Alright Che-Gujarati
02:30pm, 05:30pm
Peddi - 11:00am, 09:30pm
Hai Jawani Toh Ishq Hona Hai
03:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

શ્રી કઠોર વિભાગ નાગરીક બચત અને ધિરાણ સહકારી મંડળી લિ. કઠોર
'સહકાર સદન', હે.વાણીયાવાડ, મુ.પો.કઠોર-૩૯૪૧૫૦, તા.અબ્રામા જી.સુરત.
ફો.૦૨૬૨૧-૨૫૯૫૧૯, ૮૫૧૧૩ ૫૯૫૧૯

વાર્ષિક સાધારણ સભાની જાહેર ખબર

આથી મંડળીના તમામ સભાસદે ને ખબર આપવામાં આવે છે કે મંડળી ની ૫૮ મી વાર્ષિક સાધારણ સભા મંડળીના પ્રમુખ પંકજ હીરાલાલ પટેલ ના અધ્યક્ષ સ્થાને તા.૨૮-૦૬-૨૦૨૬ ના રવિવારે સવારે ૧૦-૦૦ કલાકે અંબાબેન રામજી વાડી, મોચીવાડ, કઠોર મુકામે મળશે, જેમાં દરેક સભાસદ ભાઈ બહેનો ને સમયસર પધારવા આગ્રહ ભરી વિનંતિ છે, અહેવાલ વિતરણની કામગીરી ચાલુ છે. અહેવાલ ન મળવાના સંજોગોમા મંડળીની ઓફીસ માં સંપર્ક કરી મેળવી લેવા વિનંતી.

Public notice for Canceling Special power of attorney

Public notice for canceling Special power of attorney We undersign, 1. Jalil Ahmed Suleman Salajee (Loonat), residing at 26, Beril Street, Ext 5, Ext.1, Lenasia, 1827, Johanneshburg, South Africa, 2. Firouws Ahmed Loonat, residing at 228, Rose Avenue, Ext 5, Lenasia, 1827, Johanneshburg, South Africa, 3. Zarina Loonat, residing at 84, Rose Avenue, Ext.1, Lenasia, 1827, Johanneshburg, South Africa, 4. Tasnim Loonat, residing at 53, Marmer Street, Ext 5, Lenasia, 1827, Johanneshburg. South Africa, 5. Suliman Loonat, residing at 84, Rose Avenue, Ext.1, Lenasia, 1827, Johanneshburg, South Africa, 6. Haroon Loonat, residing at 197, Rose Avenue, Ext.3, Lenasia, 1827, Johanneshburg, South Africa, 7. Zain Loonat, residing at 54, Vulture Avenue, Ext.1, Lenasia, 1827, Johanneshburg, South Africa, 8. Shahenaz Amod Puranchandra, residing at 11737, Holiodor Crescent, Ext.3, Lenasia, 1828, Johanneshburg, South Africa, 9. Imran Ismail Puranchandra, residing at 12, Agaat Street, Ext.5, Lenasia, 1827, Johanneshburg, South Africa, 10. Kuresha Ismail Puranchandra, residing at 4000, Bora Peak Street, Ext.4, Lenasia South, 1820, Johanneshburg, South Africa and 11. Jinobia Ebrahim Puranchandra, residing at 10920, Boron Close, Ext.13, Lenasia, 1828, Johanneshburg, South Africa, have joint owner of the property situated at Ten, Ta. Bardoli, Dist: Surat bears block no.299/Paiki/1 and also property situated at Bardoli, Ta.Bardoli, Dist: Surat bears block no.448/2, 449/2, 466 and 451 for that land. We have to give this public notice to public at large that, We and our late brother namely Mohmed Amin Rashid Ahmed Loonat had given General power of attorney to Nileshkumar Dolatrai Lad, aged about 51years, residing at H/1, Muktanand nager, Gandhi road, Bardoli, Ta. Bardoli, Dist: Surat bears Serial no.1121, dated: 5-3-2018 attested before Commisioner of oath namely Jayantilal Naran Bhana for administration and appear in the Court cases of above properties. But now Our brother namely Mohmed Amin Rashid Ahmed Loonat died and there is no need to give power of attorney. So, we have canceled the above General power of attorney from immediate effect. So, except us, no transaction regarding above properties like 2 as Transfer, assign, Gift or Sale should be done with above power holder. it can be done with anybody or any relatives, no such person acquired any kind of right, interest or title over which note please in the interest of public at large.

Rakesh P Solanki - Advocate
Add-Nishal Faliya, Butwada, Ta-Valod, Dist-Tapi. 394690 Mo-No-9624344732